# રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા કલેકટરને આવેદન

## સ્વનિર્ભર શાળાઓને લાંબા સમયથી સ્પર્શતા વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે આંદોલનની ચીમકી



રાજકોટ,

ગુજરાતની ૧૭ હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓને લાંબા સમયથી સ્પર્શતા વિવિધ પ્રશ્નોના વ્યવહારુ અને સમયસર નિરાકરણની માંગ સાથે રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા રાજકોટ જિલ્લા કલેક્ટર તથા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. મંડળના અધ્યક્ષ ડી. વી. મહેતા અને પ્રમુખ શ્રી અવધેશ કાનગડની આગેવાનીમાં મંડળના તમામ હોદ્દેદારો, કોર કમિટી સભ્યો, ઝોન પ્રમુખોએ આવેદનપત્ર રજુ કર્યું હતું. આ રજુઆતમાં અવધેશભાઈ કાનગડે જણાવ્યું હતું કે ગુજરાતમાં ૧૭ હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓ કાર્યરત છે, જેમાં ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને ૦૭ લાખથી વધુ શિક્ષકો તથા કર્મચારીઓ સેવાઓ આપે છે. રાજ્યના શિક્ષણ ક્ષેત્રે સ્વનિર્ભર શાળાઓનું મહત્વપૂર્ણ યોગદાન હોવા છતાં કેટલાક પ્રશ્નો લાંબા સમયથી પડતર છે.

આ આવેદનપત્રમાં મુખ્યત્વે ચાર મુદ્દાઓ સરકાર સમક્ષ મૂકવામાં આવ્યા છે. જેમાં પ્રથમની પ્રક્રિયા વધુ સરળ અને વ્યવહારુ બનાવવા મંડળે માંગ કરી છે કે જે શાળાઓ અગાઉ મંજૂર થયેલી ફીમાં મર્યાદિત, એટલે કે ૧૦% સુધીનો વધારો માંગતી હોય, તેમને વારંવાર લાંબી પ્રપોઝલ અને એફિડેવિટ પ્રક્રિયામાંથી પસાર થવું ન પડે તેવી વ્યવસ્થા કરવામાં આવે. મંડળના મતે આ પ્રકારની સરળતાથી મોટી સંખ્યામાં શાળાઓને રાહત મળશે અને એફઆરસી કચેરીઓ પરનું વહીવટી ભારણ પણ ઘટશે.

આરટીઈ હેઠળ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની ફીનું યોગ્ય વળતર પણ બીજો મહત્વનો મુદ્દો છે. મંડળે રજૂઆત કરી છે કે આરટીઈ હેઠળ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સરકાર દ્વારા આપવામાં આવતું વળતર વાસ્તવિક શૈક્ષણિક ખર્ચ અને લાગુ નિયમોને અનુરૂપ હોવું જોઈએ. ત્રીજા મુદ્દે, તાજેતરના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૨૬ માં સ્વનિર્ભર શાળાઓના કર્મચારીઓની નિમણૂક અને છૂટા કરવા અંગેની જોગવાઈ બાબતે મંડળે સરકારનું ધ્યાન દોર્યું છે. સ્વનિર્ભર શાળાઓ ગ્રાન્ટ વિના પોતાનું સંચાલન કરતી હોવાથી તેમની વહીવટી સ્વાયત્તતા જળવાઈ રહે અને કર્મચારી વ્યવસ્થાપનમાં બિનજરૂરી જટિલતા ન ઊભી થાય તે દિશામાં જોગવાઈનો પુનર્વિચાર કરવાની રજૂઆત કરવામાં આવી છે. ચોથા મુદ્દે, શાળાઓ પાસેથી વારંવાર એક જ પ્રકારની માહિતી અલગ-અલગ પરિપત્રો અને સરકારી પ્રક્રિયાઓ દ્વારા માંગવામાં આવે છે, જેના કારણે શિક્ષણ સંસ્થાઓનો સમય અને માનવબળ વહીવટી કામગીરીમાં વધુ ખર્ચાય છે.

આ સમસ્યાના ઉકેલ તરીકે તમામ જરૂરી માહિતી માટે એક 'કોમન પોર્ટલ' તૈયાર કરવાની મંડળે માંગ કરી છે.

આવેદનપત્ર એનાયત કાર્યક્રમમાં મંડળના અધ્યક્ષ ડી. વી. મહેતા અને પ્રમુખ અવધેશ કાનગડ, ગુજરાત મહામંડળ સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખ અજયભાઈ પટેલ, વિપુલભાઈ પાનેલીયા, ઉવેશભાઈ પટેલ, ઉપપ્રમુખો પુષ્કરભાઈ રાવલ, પરીમલભાઈ પરડવા, સુદિપભાઈ મહેતા અને હીરેનભાઈ ખુંટ તથા વિનયભાઈ લોખીલ, રામભાઈ ગરૈયા, પ્રવીણભાઈ ગોંડલીયા, રાજેશ મહેતા, ડો. ડી. કે. વડોદરિયા, જીમીલભાઈ પરીખ, શ્રીકાંત તન્ના, ધવલભાઈ મોદી, વિશાલભાઈ હિરાણી, વિશાલભાઈ વારીયા, હસમુખભાઈ માયાણી, રાજકુમાર ઉપાધ્યાય, જીતેશભાઈ મકવાણા, રાણાભાઈ ગોજીયા, કેતનભાઈ પ્રજાપતિ, કુલદીપભાઈ માકાણી, હિતેશભાઈ રામાણી, અખિલેશભાઈ ત્રિવેદી, કૃષ્ણકાંતભાઈ ધોળકિયા, જગદિશભાઈ દોંગા, રાણાભાઈ ગોજીયા અને પ્રજ્ઞેશભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના બોલબાલા ટ્રસ્ટ દ્વારા વડીલો માટે વિદેશ પ્રવાસ યોજાયો




રાજકોટ,

બોલબાલા ટ્રસ્ટ દ્વારા દુબઈ વિદેશ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોલબાલા ટ્રસ્ટના પ્રમુખ જયેશ ઉપાધ્યાય પોતે ૫૦થી વધુ યાત્રીકો માટે સાથે રહી દુબઈના ગાઈડને સાથે રાખી ત્યાંના ખાસ જોવા લાયક ધો ક્રૂઝ ડીનર, દુબઈ ફ્રેમ, બુર્જ ખલીફા, મોનોરેલ, બોટીંગ, હોટલ અલ આરબ, ગીફ્ટ સીટી, ધ દુબઈ મોલ, ડોલફીન શો, મરીના બીચ, પામ સીટી, ડેઝર્ટ સફારી, હવેલી, જયુબેલી હીન્દ મંદીર, લીમોઝીન કાર, દુબઈ પેલેસ, ગોલ્ડ સોક (સોનાની બજાર) ગુરૂદ્વારા, દુબઈ સીટીટુર, અબુધાબી સીટીટુર, સ્વામીનારાયણ મંદિર, ધ ગ્રાન્ડ મોસ્ક, ફેરારી વર્લ્ડ ફોટો સ્ટોપ, વગેરે સ્થળોની મુલાકાત ત્યાંની માહિતી તેમજ માર્ગદર્શન અને વડીલોને તકલીફ ન થાય તે માટે ગાત્રાળ ભોજનાલયના ગુજરાતી ભોજન સહીતની સુંદર વ્યવસ્થા કરી વડીલોનો દુબઈ વિદેશ પ્રવાસ યાદગાર બનાવ્યો હતો.

# સૌરાષ્ટ્ર યુનિ.ના ભૌતિકશાસ્ત્ર ભવન દ્વારા વિજ્ઞાન યાત્રા ૩નો ભવ્ય પ્રારંભ

## કુલપતિ પ્રો. ઉત્પલભાઈ જોષીના હસ્તે ઉદઘાટન : ટોચના વૈજ્ઞાનિકો જ્ઞાન પીરસશે



રાજકોટ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ભૌતિકશાસ્ત્ર વિભાગ અને વિજ્ઞાન ગુર્જરી (વિજ્ઞાન ભારતી - ગુજરાત પ્રાંત) ના સંયુક્ત ઉપક્રમે વિજ્ઞાન યાત્રા ૩.૦ વિશિષ્ટ ઓનલાઈન વ્યાખ્યાન શ્રેણીનો આજથી શુભારંભ થયો છે.

યુવા પેઢીમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે, સંશોધન પ્રત્યે જિજ્ઞાસા વધે અને દેશના અગ્રણી વૈજ્ઞાનિકોના જ્ઞાન તથા સંશોધન અનુભવોનો સીધો લાભ વિદ્યાર્થીઓ, સંશોધકો અને વિજ્ઞાન રસિકોને મળે તેવા ઉદ્દેશ્ય સાથે આ અનોખી જ્ઞાનયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૧ સપ્ટેમ્બરથી ૦૯ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ચાલનારી આ વ્યાખ્યાન શ્રેણીમાં દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો વિવિધ વિજ્ઞાનના વિષયો પર માર્ગદર્શન આપશે. એક યાત્રા, અનેક સંશોધન ક્ષેત્રો એ વિજ્ઞાન યાત્રા ૩.૦ની વિશેષતા છે.

આ યાત્રામાં ભૌતિકશાસ્ત્રને માત્ર એક વિષય તરીકે નહીં, પરંતુ વિવિધ આધુનિક અને આંતરવિષયક ક્ષેત્રો સાથે જોડીને રજૂ કરવામાં આવ્યું છે. વ્યાખ્યાન શ્રેણી દરમિયાન સર્ફેસ-એન્હાન્સ્ડ રામન સ્પેક્ટ્રોસ્કોપી: વિવિધ ઉપયોગો માટેનું નેનોપાયે વિશ્લેષણ માટેનું સાધન, કોમ્પ્યુટેશનલ ફિઝિક્સ: સમીકરણો, ડેટા અને સિમ્યુલેશન્સ, ગુણવત્તા, વિશ્વાસ અને વેપાર: ભારતની ધોરણ વ્યવસ્થા પાછળનું વિજ્ઞાન, થર્મલ પ્લાઝ્મા: નેનોપદાર્થોની પ્રક્રિયા માટેની બહુમુખી પદ્ધતિ, ન્યુક્લિયર સંલયન ઉપકરણોનો પરિચય અને મહત્વના પડકારો, ટકાઉ ભવિષ્ય માટે પરમાણુઓ ન્યુક્લિયર વિજ્ઞાન અને ટેકનોલોજીની શક્તિ, વૈજ્ઞાનિક વિચારસરણી માટે એઆઇ: બુદ્ધિમત્તાથી અસરકારક ઉપયોગ સુધી, ઉત્કૃષ્ટ સંશોધન માટે જનરેટિવ અઈ સાધનો, છિદ્રાળુ માળખાગત મટિરિયલ્સના સંકલન ક્ષેત્રમાં રસાયણશાસ્ત્ર, બ્રહ્માંડમાં રેન્ડમ વોક, સામાજિક ઉપયોગો માટે પ્લાઝ્માની શક્તિનો ઉપયોગ, ઓપ્ટોઈલેક્ટ્રોનિક ઉપયોગો માટે નેનો-મટિરિયલ્સમાં ફેરફારની નવી પદ્ધતિઓ અને ગ્રહ વિજ્ઞાન જેવા વિષયો પર નિષ્ણાતો દ્વારા વ્યાખ્યાનો આપવામાં આવશે. આ શ્રેણીમાં દેશની વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાંત વૈજ્ઞાનિકો અને અધ્યાપકો દ્વારા વ્યાખ્યાનો આપવામાં આવી રહ્યા છે .પ્રતિષ્ઠિત વક્તાઓનું વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન ચાહકોને માર્ગદર્શન મેળવી રહ્યા છે.

# ૧૮ વર્ષના યુવકની લાળની નળીમાં એક-બે નહીં દસ પથરી!

## રાજકોટમાં ENT સર્જને શરીરના કોઈ ભાગે ચીરો મૂક્યા વિના સફળતાપૂર્વક બહાર કાઢી, મેડિકલ ક્ષેત્રનો દુર્લભ કેસ




રાજકોટ

રાજકોટમાં મેડિકલ સાયન્સ ક્ષેત્રે અત્યંત દુર્લભ અને અસામાન્ય કહી શકાય તેવો એક રસપ્રદ કેસ સામે આવ્યો છે. જેમાં ૧૮ વર્ષીય યુવકને લાળની નળીમાં જ પથરીઓ હોવાનું સામે આવ્યું હતું. જોકે જાણીતા ઈદ્ઘ સર્જન ડૉ. હિમાંશુ ઠક્કરે યુવકની લાળની નળીમાંથી એકસાથે ૧૦ પથરીઓ મોઢા વાટે સફળતાપૂર્વક બહાર કાઢીને નવજીવન આપ્યું છે. આ સમગ્ર સર્જરીમાં દર્દીના ચહેરા કે ગળાના બહારના ભાગે કોઈ ચીરો મૂકવામાં આવ્યો નથી અને લાળની ગ્રંથિને પણ પૂર્ણપણે સુરક્ષિત રાખવામાં આવી છે. એક જ Whartonís ducમાંથી એકસાથે ૧૦ પથરીઓ કાઢવામાં આવી હોય તેવા કિસ્સાને અત્યંત અસાધારણ માનવામાં આવે છે. આ ઓપરેશનનો લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે.

રાજકોટના ૧૮ વર્ષીય યુવક કેવિનને છેલ્લા એક મહિનાથી મોઢાની અંદર અને ખાસ કરીને ખોરાક લેતી વખતે જીભની નીચે તીવ્ર દુખાવો થતો હતો. આ ઉપરાંત ડાબી બાજુ જડબાના નીચેના ભાગમાં સોજો આવી જતો હતો. તકલીફ વધતા તેમણે નિષ્ણાત ડૉક્ટરનો સંપર્ક કર્યો હતો. તપાસ દરમિયાન કરવામાં આવેલા સોનોગ્રાફી રિપોર્ટમાં ડાબી બાજુની સબમૅન્ડિબ્યુલર લાળની સિસ્ટમમાં અનેક પથરીઓ હોવાનું સામે આવ્યું હતું.

નિદાન બાદ ડૉ. હિમાંશુ ઠક્કરે સર્જરી કરવાનો નિર્ણય લીધો હતો. સબમૅન્ડિબ્યુલર ગ્રંથિમાંથી લાળને મોઢા સુધી પહોંચાડતી નળીને ઉરૂકહિ'જ ક્ષ્ઇં કહેવામાં આવે છે. આ નળી આશરે ૫ સેન્ટિમીટર જેટલી લાંબી હોય છે અને તેનો વ્યાસ ખૂબ જ સાંકડો હોય છે. આવી સાંકડી નળીમાં ફસાયેલી તમામ ૧૦ પથરીઓને ડૉક્ટરે મોઢાની અંદરથી જ (intraroal approach) બહાર કાઢી આપી હતી. શસ્ત્રક્રિયા દરમિયાન બહારની ચામડી પર એક પણ કાપો મૂકવામાં આવ્યો ન હોવાથી કોઈ ડાઘ રહ્યો નથી. સર્જરી સફળ રહ્યા બાદ દર્દીની તબિયત સંપૂર્ણપણે સ્વસ્થ હોવાથી તેને તે જ સાંજે હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી.

# રાજકોટ ખાતે ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન ગુજરાત સમન્વય બેઠક યોજાઈ

## ડમી સ્કૂલ કલ્ચર પર નિયંત્રણ અને ટ્યુશન કલાસ રજિસ્ટ્રેશન ફરજિયાત કરવા માંગ




રાજકોટ,ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન ગુજરાત દ્વારા કોચિંગ એસોસિએશન ઓફ રાજકોટના યજમાનપદે આજે રાજકોટના ઘંટેશ્વર પાર્ક ખાતે રાજ્યકક્ષાની સમન્વય બેઠક યોજાઈ હતી. સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લા અને શહેરોમાંથી ૩૦થી વધુ ઘટક સંઘોના ૧૦૦થી વધુ પદાધિકારીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં મુખ્યત્વે સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈનના અનુસંધાને ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તાવિત ટ્યુશન એક્ટ, કોચિંગ ક્ષેત્ર પર તેની અસર તથા વ્યવહારુ અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ સમન્વય બેઠકમાં ચેરમેન હેમાંગ રાવલ, પ્રમુખ હેમંત સોલંકી, ડેપ્યુટી પ્રેસિડેન્ટ રજનીકાંત ગોટી, જનરલ સેક્રેટરી લખન પટેલ, ફર્સ્ટ વાઈસ પ્રેસિડેન્ટ મકવાણા, ખજાનચી પાર્થિવ ત્રિવેદી, સહ ખજાનચી સુનિલ રૂપારેલ, પ્રદેશ પ્રમુખ જંકૃત આચાર્ય, ચીફ એડવાઈઝર વિજય મારુ એડવાઈઝરી વિજય જોબનપુત્રા, અશ્વિન કોટેચા, વિજય ખખ્ખર, સમીર ગજ્જર, સૌરાષ્ટ્ર પ્રભારી ડેનિશ ભાલોડીયા, સહ પ્રભારી જય ચૌહાણ, મધ્ય ગુજરાત પ્રભારી પ્રણાય શુક્લા સહિત કોર કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ફેડરેશન ઓફ એકેડેમિક એસો.ની મુખ્ય માંગો

૧. ૧૬ વર્ષથી નીચેના વિદ્યાર્થીઓ અંગે સ્પષ્ટ જોગવાઈ:

૧૬ વર્ષથી નીચેના વિદ્યાર્થીઓને કોમ્પિટિટિવ એક્ઝામની તૈયારી કરાવતી કોચિંગ વ્યવસ્થામાં પ્રવેશ ન આપવાની સ્પષ્ટ જોગવાઈ ટ્યુશન એક્ટમાં કરવામાં આવે તેવી ફેડરેશનની માગ છે.

૨. ડમી સ્કૂલ અને ડે-સ્કૂલ કલ્ચર પર નિયંત્રણ:

ડમી સ્કૂલ, ડે-સ્કૂલ અને કોન્સેપ્ટ સ્કૂલના વધતા કલ્ચરને રોકવા માટે શાળાના નિયત સમયમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને તે જ સમય દરમિયાન ટ્યુશન ક્લાસમાં હાજરી આપવાની મંજૂરી ન હોવી જોઈએ અને આ નિયમનો કડક અમલ થવો જોઈએ.

૩. ટ્યુશન ક્લાસનો સમય મર્યાદિત કરવો:

વિદ્યાર્થીના શૈક્ષણિક અને માનસિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ટ્યુશન ક્લાસમાં વિદ્યાર્થીનો અભ્યાસ સમય દિવસમાં ત્રણ કલાકથી વધુ ન હોય તેવી વ્યવસ્થા કરવામાં આવે.

૪. દરેક પ્રકારના ટ્યુશન માટે રજીસ્ટ્રેશન ફરજિયાત:

એક પણ વિદ્યાર્થીને ભણાવવાનું કાર્ય કરવામાં આવતું હોય તો તે ટ્યુશન એક્ટના દાયરામાં આવવું જોઈએ અને આવા તમામ ટ્યુશન પ્રોવાઇડર માટે રજીસ્ટ્રેશન ફરજિયાત બનાવવું જોઈએ. આ જ રીતે ઓનલાઈન શિક્ષણ આપતા ક્લાસિસ અને શિક્ષકો માટે પણ રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવે તેવી ફેડરેશનની માગ છે.

૫. નીતિ ઘડતરમાં કોચિંગ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ:

રાજ્યકક્ષાની તેમજ જિલ્લા કક્ષાની સંબંધિત કમિટીઓમાં ફેડરેશનના અધિકૃત બે-બે પદાધિકારીઓને સરકારશ્રી દ્વારા સ્થાન આપવામાં આવે, જેથી ટ્યુશન અને કોચિંગ ક્ષેત્રનો વાસ્તવિક પક્ષ, વ્યવહારુ મુશ્કેલીઓ અને સૂચનો નીતિ ઘડનાર સત્તાવાળાઓ સમક્ષ રજૂ થઈ શકે.

# ગુજરાત બાર કાઉન્સિલમાં કો- ઓપ્ટ મેમ્બર તરીકે સી. એચ. પટેલની નિમણૂક



રાજકોટ, રેવન્યુ બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ, રાજકોટ શહેરના લીગલ સેલના પૂર્વ સહ-કન્વીનર તથા રેવન્યુ કાયદાકીય શ્રેત્રે આગવી ઓળખ ધરાવતા યુવા એડવોકેટ શ્રી સી. એચ. પટેલની ગુજરાત બાર કાઉન્સિલમાં કો-ઓપટ મેમ્બર તરીકે નિમણૂક કરવામાં આવી છે

એડવોકેટ સી. એચ. પટેલ નો બહોળો કાનૂની અનુભવ, રેવન્યુલકાયદા પરનું ઊંડું જ્ઞાન તથા વકીલોના પ્રશ્નો અને હિતો પ્રત્યેની તેમની સતત પ્રતિબદ્ધતા નિશ્ચિતપણે વકીલ આલમ માટે ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે.

વકીલોની સન્માનજનક વ્યવસાયિક ઓળખ, કલ્યાણ, સુરક્ષા, મેડિકલ સુવિધા, યુવા વકીલો માટેની તકો, કાનૂની વ્યવસાયની સ્વતંત્રતા તથા વકીલોના પડતર પ્રશ્નોના અસરકારક નિરાકરણ માટે તેમનું યોગદાન વધુ મજબૂત બને તેવી શુભેચ્છા વકીલો દ્વારાઆપવામાં આવી રહી છે.

# રાજકોટમાં સરગમ કલબ ઈવનિંગ પોસ્ટના સભ્યો માટે ચાર દિવસ સંગીત સંધ્યા

રાજકોટ,રાજકોટ સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં તા. ૨૩ બુધવારે સાંજે ૫:૩૦ કલાકે ફ્રેન્ડ્ઝ મ્યુઝીકલ ગૃપ દ્વારા તા. ૨૫ શુક્રવારે સાંજે ૫:૩૦ કલાકે ચંદન મ્યુઝીકલ ગૃપ દ્વારા તા. ૨૬ શનિવારે સાંજે ૫:૩૦ કલાકે રિધમ ગાર્ડન ગૃપ દ્વારા તેમજ તા. ૨૭ રવિવારે સાંજે ૫:૩૦ કલાકે દિલ સુંદર કરાઓકે મ્યુઝીકલ ગૃપ દ્વારા સંગીત સંધ્યાનુ આયોજન કરવામાં આવેલ છે. કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટના ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, નીલાબેન હિંડોચા, છાંડરેશભાઈ ચૌહાણ, પ્રવિણસિંહ તેમજ દિલીપભાઈ સોની વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટના મેટોડા નજીક એમ્બ્યુલન્સ ફસાતા ૧૦૮ની ટીમે માતા-બાળકને બળદ ગાડામાં બેસાડી જીવ બચાવ્યો

## એમ્બ્યુલન્સ પહોંચે તે પહેલાં જ બાળકનો જન્મ થઈ ગયો હતો : પ્રાથમિક સારવાર પૂરી પાડી હોસ્પિટલ પહોચાડયા




રાજકોટ,વહેલી સવારે રાજકોટના મેટોડા ૧૦૮ એમ્બ્યુલન્સને મોટાવડા ગામના વાડી વિસ્તારમાંથી સગર્ભાની ડીલેવરી અંગેનો કોલ મળ્યો હતો. ૧૦૮ ની ટીમ તુરંત રવાના થઈ હતી, પરંતુ વાડી વિસ્તાર તરફ જતો રસ્તો અત્યંત ખરાબ હોવાથી એમ્બ્યુલન્સ ફસાઈ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. આ દરમિયાન સગર્ભાને તીવ્ર દુખાવો થઈ રહ્યો હતો. સ્થળ પરથી કોલ દ્વારા જાણ કરવામાં આવી કે એમ્બ્યુલન્સ પહોંચે તે પહેલાં ઘરે જ બાળકનો જન્મ થઈ ગયો છે, જેથી તાત્કાલિક મદદની જરૂર છે.

પરિસ્થિતિની ગંભીરતા અને સમયસૂચકતા ધ્યાનમાં રાખીને ૧૦૮ ના ઈએમટી વ્યોમા ભીલવાળા અને ડ્રાઈવર મહેશભાઈ વઘેરા જરૂરી સાધન-સામગ્રી સાથે અંદાજિત ૫૦૦ મીટર જેટલું અંતર દોડીને વાડી સુધી પહોંચ્યા હતા. રસ્તાની અડચણ હોવા છતાં ૧૦૮ સ્ટાફે સમયસર પહોંચીને નવજાત બાળકને જરૂરી સારવાર આપી હતી. સાથે જ માતાને પણ જરૂરી ઈન્જેક્શન અને પ્રાથમિક સારવાર પૂરી પાડી માતા અને બાળક બંનેનો જીવ બચાવી લીધો હતો.વાહન જઈ શકે તેમ ન હોવાથી, માતા અને નવજાત બાળકને સુરક્ષિત રીતે બળદગાડામાં બેસાડીને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. ત્યાંથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંનેને વધુ તબીબી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ૧૦૮ ની આ ત્વરિત કામગીરી અને બળદગાડાની મદદથી એક મોટી દુર્ઘટના અટકી હતી.

# ખીજડીયા જંકશન ગામેથી ચોરખાનામા છુપાવેલ વિદેશી દારૂ શોધી કાઢતી અમરેલી તાલુકા પોલીસ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં દારૂ તથા જુગારની બદી દુર કરવા સુચના આપેલ હોય, નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઇ દ્વારા આપેલ માર્ગદર્શન અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ટીમ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હોય, તે દરમિયાન બાતમી મળેલ કે, એક તુફાન ગાડીમા ચોરખાના બનાવી તેમા ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો ભરી ખીજડીયા જંકશન ગામ તરફ જવાના રસ્તા જવાની હોય જેમા ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારૂ




ભરેલ છે. જેથી પોલીસે ખીજડીયા જંકશન ગામે વાહન ચેકીંગ હાથ ધરી તુફાન ગાડી નં. ય્ન-૦૬-હ્વઝ-૬૨૧૬ની તલાશી લેતા તેમાંથી પ્લાસ્ટીકની કાળા.રંગની રીગ પેક બોટલ નંગ.૪૪૦ કિંમત રૂપિયા ૭૪,૮૦૦ તથા બે મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૦,૦૦૦ મળી રૂપિયા ૨,૯૪,૮૦૦ ના મુદ્દામાલ સાથે મધ્યપ્રદેશના વતની જામસિંહ સુમલાભાઇ પચાયા તથા કુવરસિંહ વેસ્તાભાઇ બાંગડીયાને ઝડપી લઈ આગળની ધોરણસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

# અમરેલીને ટૂંક સમયમાં મળશે વધુ એક સુપરફાસ્ટ ટ્રેન

## સોમનાથ-હરદ્વાર સુપરફાસ્ટ ટ્રેનમાં વડિયા, કુંકાવાવ, ચિતલ અને લાઠી સ્ટેશને સ્ટોપેજની સાંસદ ભરતભાઈ સુતરીયાની જાહેરાત

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાએ અમરેલી જિલ્લાને વધુ એક સુપરફાસ્ટ ટ્રેનની ભેટ મળવાની મહત્વપૂર્ણ જાહેરાત કરતાં નાગરિકોમાં આનંદની લાગણી છવાઈ હતી.ગઈકાલે સાંસદ દ્વારા પત્રકારો સાથે સાંસદ ભરતભાઈ સુતરીયાએ એક સંવાદ કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યક્રમમાં અમારા પ્રતિનિધિ મિલાપ રૂપારેલ સાથે વાતચીત કરતા સાંસદે જણાવ્યું હતું કે, આગામી ૨૦ ઓક્ટોબરથી સોમનાથથી હરદ્વાર વચ્ચે નવી સુપરફાસ્ટ ટ્રેન શરૂ થવા જઈ રહી છે. આ ટ્રેનને અમરેલી જિલ્લાના વડિયા, કુંકાવાવ, ચિતલ અને લાઠી રેલવે સ્ટેશનો ઉપર સ્ટોપેજ આપવામાં આવશે. તેવી ખાત્રી રેલવે મંત્રી દ્વારા અપાઈ છે.

આ સોમનાથથી હરદ્વાર વચ્ચે નવી વિકલી સુપરફાસ્ટ




ટ્રેન શરૂ થવા જઈ રહી છે. તે ટ્રેન ડેઈલી કરવા તથા વેરાવળ-સાબરમતી વચ્ચે ચાલતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના સમયે સુરત અને મુંબઈ સુધીની કનેક્ટિવિટી મળે તે માટે તેઓ આગામી તા.૨૮ ના રોજ નવી દિલ્હી ખાતે રેલવે મંત્રી અને રેલવેના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક પણ યોજી રહ્યા છે. તેમ પણ જણાવ્યું હતું.

આ નવી ટ્રેન સેવા શરૂ થતાં અમરેલી જિલ્લાનું દેશના મહત્વપૂર્ણ શહેરો સાથે સીધું રેલવે જોડાણ વધુ મજબૂત બનશે. ખાસ કરીને ધાર્મિક નગરી હરદ્વાર ઉપરાંત દિલ્હી, જયપુર, અજમેર, મારવાડ, આબુ રોડ અને અમદાવાદ સહિતના શહેરો સાથે અમરેલી જિલ્લાના મુસાફરોને વધુ સરળ અને ઝડપી રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

અમરેલી જિલ્લામાં લાંબા સમયથી વધુ ટ્રેન સેવાઓ અને નવા સ્ટોપેજની માંગ ઉઠી રહી હતી. ત્યારે સાંસદ દ્વારા સોમનાથ-હરદ્વાર સુપરફાસ્ટ ટ્રેનના સ્ટોપેજ અંગે કરાયેલી જાહેરાત લોકોએ હર્ષભેર વધાવી લીધી હતી.

આ પ્રસંગે સાંસદ દ્વારા અમરેલીથી બાબરા અને અમરેલીથી ચાવંડ સુધીનો નેશનલ હાઈવે ફોર ટ્રેક માર્ગની પણ ટૂંક સમયમાં મંજુરી મળી જશે. જેને લઈ અમરેલીથી તમામ મેટ્રો સીટી સાથે જમીન માર્ગે જોડાઈ જશે. તથા આ ફોર ટ્રેક માર્ગ બનતાની સાથે અકસ્માતની ઘટનામાં મોટો ઘટાડો થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ વેરાવળ-સાબરમતી વચ્ચે નવી વંદે ભારત એક્સપ્રેસ શરૂ થઈ છે. વંદે ભારત ટ્રેન શરૂ થયા બાદ અમરેલીના સાંસદ દ્વારા સોમનાથ-હરદ્વાર સુપરફાસ્ટ ટ્રેનની જાહેરાત કરવામાં આવતા જિલ્લામાં રેલવે સુવિધાઓને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

એક તરફ વંદે ભારત ટ્રેનની શરૂઆત અને બીજી તરફ સોમનાથ-હરદ્વાર સુપરફાસ્ટ ટ્રેનમાં અમરેલી જિલ્લાના ચાર રેલવે સ્ટેશનોને સ્ટોપેજ મળવાની જાહેરાતથી અમરેલી જિલ્લાના રેલવે મુસાફરો માટે આગામી દિવસોમાં નવી સુવિધાઓનો માર્ગ ખુલ્યો છે.

# લીલીયામાં ૯ કરોડના ખર્ચે ગટર બની, ૧૨ કરોડના ખર્ચે રિપેરીંગ છતાં સ્થિતિ બદતર!

## ભૂગર્ભ ગટરની સમસ્યાથી વેપારીઓને ધંધામાં ફટકો,નલ સે જલ યોજનામાં પણ શહેરમાં આવી જ સ્થિતિ

અમરેલી:

સરકાર અમરેલી જિલ્લાના તમામ તાલુકા મથકો પર ભૂગર્ભ ગટરની યોજના તો લાવી પરંતુ લીલીયામાં ભૂગર્ભ ગટર યોજના સદંતર નિષ્ફળ નીવડી છે. જેટલા ખર્ચમાં આ યોજના બની હતી. તેના કરતા વધુ ખર્ચ રીપેરીંગ પાછળ કરાયો છે. આમ છતાં સંપૂર્ણ યોજના નિષ્ફળ જતા ગટરના ગંદા પાણી ઉભી બજારમાં વહી રહ્યા છે.લીલીયા શહેરની બજારમાં કોઈને ચાલવું હોય તો બદબુ મારતા ગટરના ગંદા પાણીમાંથી ચાલવું પડે છે. હદ તો એ વાતની છે કે આ સ્થિતિ આજ કાલની નથી. પરંતુ વર્ષોથી આ સ્થિતિ જોવા મળી રહી છે.

લીલીયામાં ૯ કરોડ રૂપિયાના ખર્ચે ભૂગર્ભ ગટર યોજના બનાવવામાં આવી હતી. જો કે સમગ્ર શહેરમાં ભૂગર્ભ ગટરનું અણઘડ રીતે કરવામાં આવ્યું હતું. જેના કારણે પ્રથમથી યોજનાની



ખામી બહાર આવવા લાગી હતી.ભૂગર્ભ ગટરના પાણી શહેરના દરેક વિસ્તારમાં ઉભરાવા લાગ્યા હતા. વર્ષો સુધી લોકોએ આ પ્રકારની હાડમારી વેઠી તેને દુરસ્ત કરવા માંગણી ઉઠાવી હતી. લાંબા લડત બાદ આખરે તંત્રએ આ યોજનાની આખરે મરામત કરવાનો નિર્ણય લીધો હતો.

જેટલા ખર્ચે યોજના બની તેના કરતા વધુ ખર્ચે એટલે કે ૧૨ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટરની મરામત કરવામાં આવી હતી. આમ છતાં સ્થિતિ ઠેરની ઠેર રહી છે. કુલ ૨૧ કરોડનો ખર્ચ કર્યા બાદ પણ ભૂગર્ભ ગટર ઉભરાય રહી છે.આજે ગટરના ગંદા પાણી શહેરની નાવલી બજારમાં ઉભરાતા લોકો બદબુ મારતા ગંદા પાણીમાંથી ચાલવા મજબુર બન્યા હતા. આ પ્રકારની સ્થિતિના કારણે રોગચાળાની પણ ભીતી સેવાઈ રહી છે.લીલીયા શહેરમાં ભૂગર્ભ ગટરની સમસ્યા દોઢ દાયકાથી ચાલી આવતી હોય જાણે નગરપાલિકા તંત્રએ ૯ કરોડના ખર્ચે બનેલી ગટરને અવારનવાર રિપેરીંગ કરવામાં જ રૂપિયા ૧૨ લાખ જેટલો લખલુટ ખર્ચ કરી નાખ્યા છતાં સ્થિતી ન સુધરતા અહીંના વેપારીઓને ધંધા-રોજગારમાં ફટકો પડી રહ્યો છે. ગ્રાહકો ગંદકી આવવાનું પસંદ કરતા નથી.

લીલીયા શહેરમાં ભૂગર્ભ ગટરની જેમ જ પાણી પુરવઠા યોજનાની પણ આવી જ સ્થિતિ છે. કરોડોનો ખર્ચ કરી શહેરમાં પાઈપલાઈન બીછાવી, સંપ અને ઓવરહેડ ટેન્ક બનાવી દેવાયા છે. પરંતુ અનેક વિસ્તારમાં લોકોને ઘરના કનેકશન અપાયા નથી.

# અમરેલીના ખાંભામાં શિકારની શોધમાં બે સિંહો, રહેણાંક વિસ્તારમાં ઘૂસ્યા, સિંહોની લટારથી ફફડાટ

## શહેરના અલગ-અલગ વિસ્તારોમાં પાંચ જેટલા પશુઓના શિકારની ચર્ચા, વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના ગીરકાંઠા વિસ્તાર તરીકે ઓળખાતા ખાંભા શહેરમાં ફરી એક વખત સિંહોની લટારે સ્થાનિકોમાં ફફડાટ ફેલાવ્યો છે. ખાંભા શહેરના મધ્યમાં આવેલા મહાદેવપરા અને આશ્રમપરા સહિતના રહેણાંક વિસ્તારોમાં ગઈકાલે રાત્રિના સમયે બે સિંહો શિકારની શોધમાં લટાર મારતા સીસીટીવી કેમેરામાં કેદ થયા હોવાનું સામે આવ્યું છે. બે સિંહોની લટારના સીસીટીવી દ્દશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શહેરમાં ચર્ચા સાથે લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, ખાંભા શહેરના મહાદેવપરા અને આશ્રમપરા વિસ્તારમાં ગઈકાલે રાત્રિના સમયે બે સિંહો શિકારની શોધમાં આવી પહોંચ્યા હતા. રહેણાંક વિસ્તારની શેરીઓમાંથી સિંહો



નિર્ભયતાથી પસાર થતા હોય તેવા દશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. સિંહો શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ફરતા હોવાના કારણે રાત્રિના સમયે અવરજવર કરતા લોકો અને પશુપાલકોમાં ચિંતા જોવા મળી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ખાંભા શહેરના વિવિધ વિસ્તારોમાં સિંહો દ્વારા આશરે પાંચ જેટલા પશુઓના શિકાર કરવામાં આવ્યા હોવાની પણ ચર્ચા છે. શિકારની શોધમાં સિંહો વારંવાર રહેણાંક વિસ્તારો તરફ આવી રહ્યા હોવાના કારણે પશુપાલકોમાં પણ પશુધનની સુરક્ષાને લઈને ચિંતા વધી છે.

ખાંભા શહેરમાં બે સિંહોની લટારના સીસીટીવી દશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ વનવિભાગની કામગીરી અંગે પણ ચર્ચા શરૂ થઈ છે. ખાસ કરીને રાત્રિના સમયે શહેરના રહેણાંક વિસ્તારોમાં સિંહોની અવરજવર વધી રહી હોવાથી વનવિભાગ દ્વારા પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી સ્થાનિકોમાંથી માંગ ઉઠી છે.શહેરમાં શિકારની શોધમાં આવતા સિંહોની અવર જવર પર વનવિભાગ દ્વારા સતત નજર રાખવામાં આવે તેમજ રહેણાંક વિસ્તારોમાં રાત્રિ પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે. સિંહો માનવ વસાહતની નજીક સુધી પહોંચતા હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વનવિભાગ દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવે તેવી પણ માગણી કરવામાં આવી રહી છે.

ખાંભા પંથકમાં સિંહોની અવરજવર નવી વાત નથી, પરંતુ શહેરના મધ્યભાગના રહેણાંક વિસ્તારોમાં બે સિંહો સીસીટીવીમાં કેદ થતાં ફરી એક વખત માનવ વસાહત અને વન્યજીવ વચ્ચેના વધતા સંપર્કનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે.

# અમરેલીમાં કોંગ્રેસ પ્રમુખ સંદીપ ધાનાણીએ યુવક પર કીટલીથી હુમલો કર્યો:માથામાં ૫ ઘા મારતા ૯ ટાંકા આવ્યા, ગંભીર ઈજા થતા ગુનો નોંધાયો

અમરેલી:

અમરેલી શહેરમાં મોડી રાત્રે કોંગ્રેસ પ્રમુખ સંદીપ ધાનાણીએ એક યુવક પર કીટલી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકના માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને ૯ ટાંકા આવ્યા હતા. ઘટના બાદ યુવકને પ્રથમ અમરેલી અને ત્યાર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે સંદીપ ધાનાણી સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. મારામારીની આ સમગ્ર ઘટના CCTV કેમેરામાં પણ કેદ થઈ ગઈ છે.આ ઘટના સાવરકુંડલા બાયપાસ રોડ પર RTO ઓફિસ પાસે આવેલી રાજચામુંડા દુકાન પાસે બની હતી. ધર્મકુમાર જાગૃતભાઈ જોષીપુરા મોડી રાત્રે માવો-મસાલો લેવા ગયા હતા. તે સમયે સંદીપ ધાનાણી ત્યાં હાજર હતા. કોઈ કારણ વગર ધર્મકુમારને ત્યાંથી જતા રહેવાનું કહીને સંદીપ ધાનાણીએ ચાના કાઉન્ટર પરથી કીટલી લીધી હતી.

સંદીપ ધાનાણીએ ધર્મકુમાર જોષીપુરાના માથાના ભાગે ૪ થી ૫ ઘા માર્યા હતા. જેના કારણે તેમને માથામાં અલગ-અલગ જગ્યાએ ૯ ટાંકા આવ્યા હતા અને હેમરેજ જેવી ગંભીર ઈજા થઈ હતી. હુમલા બાદ ધાનાણીએ ધર્મકુમારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

ઈજાગ્રસ્ત ધર્મકુમારને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે અમરેલી સિટી પોલીસ



સ્ટેશનમાં સંદીપ ધાનાણી (રહે. ગજેરાપરા) સામે ગુનો નોંધવામાં આવ્યો છે.સંદીપ ધાનાણી અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ છે. તેઓ ગુજરાતના પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીના કુટુંબીક ભાઈ થાય છે. આ ઘટનાને કારણે અમરેલી શહેરમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના હોદ્દેદાર સામે ગુનો નોંધાતા આ અંગે ચારે તરફ ચર્ચા ચાલી રહી છે.લતા જોષીપુરાએ વધુમાં સ્પષ્ટતા કરી કે, સંદીપ ધાનાણી કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીના સગા ભાઈ નથી, પરંતુ કાકાના દીકરા થાય છે.

ઈજાગ્રસ્ત ધર્મકુમારના પત્ની લતા જોષીપુરાએ જણાવ્યું કે, તેમના પતિ હાલ સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. તેમણે કહ્યું કે, સંદીપ ધાનાણી તેમની પત્ની પૂજાબેન ધાનાણી સાથે ઝઘડો કરી રહ્યા હતા. આથી ૧૧૨ નંબર પર ફોન કરીને પોલીસને બોલાવવામાં આવી હતી.પોલીસના ગયાના પાંચ જ મિનિટ પછી તેમના પતિ ચામુંડા પાન ગલ્લા પર માવો ખાવા ગયા હતા. તે ગલ્લો સાવરકુંડલા બાયપાસ ચોકડી પાસે આવેલો છે. ત્યાં સંદીપ ધાનાણીએ તેમના પતિના માથામાં ચાની કીટલી મારી હતી. તેમને ત્રણ જગ્યાએ ઈજા થઈ છે અને માથામાં નવ ટાંકા આવ્યા છે. હાલ તેમનું સીટી સ્કેન કરાવવાનું કહેવામાં આવ્યું છે.ઈજાગ્રસ્ત ધર્મકુમાર જોશીપુરાના જણાવ્યા અનુસાર,૧૧૨ પોલીસ વાન રવાના થયાના પાંચ જ મિનિટ બાદ ધર્મકુમાર પાનના ગલ્લા પર પહોંચતા સંદીપ ધાનાણીએ તેમના પર આ જાનલેવા હુમલો કરી દીધો હતો.

બનાવ અંગે અમરેલી સિટી પોલીસે સંદીપ ધાનાણી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આરોપી સંદીપ ધાનાણી અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ હોવા ઉપરાંત ગુજરાતના પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણીના કાકાનો દીકરો થતો હોવાથી આ બનાવને પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને ચારે તરફ સર્ચા ચાલી રહી છે.

# બાબરા-ઉટવડ હાઈવે પર માત્ર ૧૪ કિમીમાં ૫ બાયો ડીઝલના પંપ!

બાબરા:બાબરા-રાજકોટ હાઈવે પર બાબરાથી ઉટવડ સુધીના આશરે ૧૪ કિલોમીટરના માર્ગ પર બાયો ડીઝલના પમ્પો ઝડપથી વધી રહ્યા હોવાની સ્થિતિ સામે આવી છે. ટૂંકા અંતરમાં પાંચ જેટલા પમ્પો ઉભા થતાં હવે આ પમ્પોને અપાયેલી મંજૂરી, નિયમોનું પાલન તથા સંબંધિત વિભાગોની કામગીરી અંગે અનેક સવાલો ઉઠી રહ્યા છે.




ઉટવડ ગામ નજીક હાઈવેની બંને બાજુએ બે બાયો ડીઝલ પમ્પો કાર્યરત છે. બંને પમ્પો વચ્ચેનું અંતર પણ અડધા કિલોમીટરથી ઓછું હોવાનું સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે.

જ્યારે બાબરા નજીક હાઈવે પર આવેલા અન્ય કેટલાક પમ્પો પણ શરૂ થવાની તૈયારીમાં હોવાનું જાણવા મળી રહ્યું છે. આમ, બાબરા-ઉટવડ વચ્ચેના ટૂંકા અંતરમાં બાયો ડીઝલ પમ્પોની સંખ્યા પાંચ જેટલી થવા પામી છે. એક જ માર્ગ પર આટલા ઓછા અંતરમાં પમ્પોની સંખ્યા વધતા સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

ખાસ કરીને હાઈવેની નજીક બાયો ડીઝલના પમ્પો શરૂ કરવા માટે જરૂરી મંજૂરીઓ લેવામાં આવી છે કે કેમ, સ્થળ પસંદગીમાં સંબંધિત નિયમોનું પાલન થયું છે કે નહીં તથા સક્ષમ વિભાગો દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી છે કે નહીં તે અંગે સવાલો ઉઠી રહ્યા છે.

# સાવરકુંડલાના વિજપડી ગામની સીમમાં ઉગતાપોરના મેલડી માતાના ધામમાં દીનદહાડે ચોરી

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામની સીમમાં ઉગતાપોરના મેલડી માતાના ધામમાં ગત તા.૧૬ ના રોજ દીનદહાડે બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાના અરસામાં આશરે ૩૦ થી ૩૫ વર્ષના અજાણ્યા ઈસમે ખુલ્લા મંદીરમાં પ્રવેશ કરી મંદીરના ગર્ભગ્રહમાં ભકતોએ ચડાવેલ ચાંદીના નાના મોટા છતરો આશરે નંગ-૯૫ રાખેલ હોય જેનું વજન આશરે ૫૦૦ ગ્રામ જેની કિમત રૂપિયા ૭૫,૦૦૦ ની મત્તાની ચોરી કરીને મોટર સાયકલ લઈને સા.કુંડલા તરફ નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને ઝડપી લેવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામની સીમમાં ઉગતાપોરના મેલડી માતાના ધામમાં રહેતા અને સેવા પુજા કરતા છગનભાઈ ટપુભાઈ વાળા ગત તા.૧૬ ના રોજ બપોરના જમીને મંદીર પાસે આવેલ ઓરડીમાં સુતા હતા તે દરમિયાન બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાના અરસામાં આશરે ૩૦ થી ૩૫ વર્ષના અજાણ્યા ઈસમે ખુલ્લા મંદીરમાં પ્રવેશ કરી મંદીરના ગર્ભગ્રહમાં ભકતોએ ચડાવેલ ચાંદીના નાના મોટા છતરો આશરે નંગ-૯૫ રાખેલ હોય જેનું વજન આશરે ૫૦૦ ગ્રામ જેની કિમત રૂપિયા ૭૫,૦૦૦ ની મત્તાની ચોરી કરીને મોટર સાયકલ લઈને સા.કુંડલા તરફ નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને ઝડપી લેવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# બોમ્બની ધમકી વચ્ચે સોમનાથમાં સુરક્ષા યથાવત

## BDDS-ડોગ સ્કવોડ અને QRTની સઘન તપાસ,સતર્કતા વધારાઈ

ગીર સોમનાથ:વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યાના અહેવાલો વચ્ચે સુરક્ષા તંત્ર સતર્ક બન્યું છે. ધમકીની જાણ થતાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા મંદિર પરિસર તથા આસપાસના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જોકે મંદિરની સુરક્ષા વ્યવસ્થામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. પહેલેથી જ બે લેયરમાં ગોઠવાયેલી સુરક્ષા વ્યવસ્થાને યથાવત રાખીને માત્ર



સતર્કતા વધારવામાં આવી છે.

ધમકીભર્યા ઈ-મેઈલ બાદ મંદિર પરિસરમાં આવતા-જતા લોકો, સંવેદનશીલ સ્થળો તેમજ આસપાસના વિસ્તારોમાં સુરક્ષા કર્મચારીઓ દ્વારા બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા કોઈપણ સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

ધમકીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ-મ્હ્હ્જી, ડોગ સ્કવોડ અને ઊઇ્ સહિતની ટીમો દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું છે. મંદિર પરિસર અને આસપાસના વિસ્તારોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. રાજ્યના અન્ય મહત્વના સ્થળોને પણ તાજેતરમાં ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા બાદ પોલીસ અને સુરક્ષા એજન્સીઓ સક્રિય બની છે.

# અમરેલીમાં લીલીયા બાયપાસ ચોકડીએ રસ્તા પર ખાડાથી વાહન ચાલકો પરેશાન

અમરેલી:અમરેલીના બાયપાસ પર લીલીયા ચોકડી નજીક સર્કલ પાસેજ રસ્તા પર મસ મોટો ખાડો પડ્યો છે. આ ખાડાના કારણે પસાર થતાં અનેક લોકોને વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.લીલીયા બાયપાસ ચોકડી પાસે ખાડાના કારણે અકસ્માત થવાનો વાહનચાલકોમાં ભય રહે છે. મોટા ખાડાના કારણે અનેક વાહનચાલકોના વાહનોને નુકસાની ભોગવવી પડે છે. અમરેલી બાયપાસ રોડ પર હજારો વાહનચાલકો પસાર થાય છે.